Re-Accredited by NAAC with 'A' Grade
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Fax : +91 - 261 - 2227312
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

## ઓફ લાઈન પ્રવેશ (અનુસ્નાતક અભ્યાસ) પ્રક્રિયા અંગેનો પરિપત્ર

વિર નર્મદ દક્ષીણ ગુજરાત યુનીવર્સીટી સંલગ્ન અનુસ્નાતક કેન્દ્રો ધરાવતી કોલેજો ના આચાર્યશ્રીઓ, યુનીવર્સીટી પરિસર ખાતેના અનુસ્નાતક વિભાગોના વડાશ્રીઓ તથા શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૦૨૧ દરમ્યાન એમ.એ., એમ.કોમ, એમ.એસ.સી, એમ.એસ.ડબલ્યુ તથા પી.જી.ડીપ્લોમા માં પ્રવેશ મેળવવા માટે ઓનલાઈન અરજી કરનાર પ્રવેશ વંચિત (હજુ સુધી પ્રવેશ ન મળેલ હોય તેવા), નો-એક્શન (ઓનલાઇન પ્રવેશ ફાળવવામાં આવ્યો હોવા છતાં જરૂરી કાર્યવાહી ન કરવાને કારણે પ્રવેશ પ્રક્રિયા ની બહાર નીકળી ગયેલા) તથા હજુ સુધી ઓનલાઈન પ્રવેશ ફોર્મ ના ભરેલ હોય તેવા તમામ વિદ્યાર્થીઓ ને જણાવવાનું કે પાંચ રાઉન્ડની ઓનલાઈન પ્રક્રિયા પૂર્ણ થયા બાદ ખાલી રહેલ બેઠકો તથા પ્રવેશ મળેલ વિદ્યાર્થીઓ એ પ્રવેશ ના લેતાં ખાલી પડેલ બેઠકો પર અંતિમ તબક્કા ની ઓફલાઈન કાર્યવાહી નીચે મુજબ રહેશે.

૧. ખાલી બેઠકોની માહિતી યુનીવર્સીટીની વેબસાઈટ www.vnsgu.ac.in પર અપલોડ કરવામાં આવેલ છે.

૨. વિદ્યાર્થી જે કોલેજ/વિભાગમાં પ્રવેશ મેળવવાની ઈચ્છા ધરાવતો હોય તે કોલેજ/વિભાગમાં કાર્યાલય સમય દરમ્યાન રૂબરૂમાં જઈ તારીખ ૧૫/૦૨/૨૦૨૧ સુધીમાં અરજી જમા કરાવવાની રહેશે. જે ઉમેદવારોએ ઓનલાઈન ફોર્મ ભરેલ છે તેઓએ અરજી સાથે ઓનલાઈન ભરેલ ફોર્મ ની ડાઉનલોડ કરેલ કોપી જોડવાની રહેશે તથા આવા ઉમેદવારોએ પ્રોસેસિંગ ફી રૂ. ૨૦૦/- અગાઉ ભરી દીધેલી હોવાથી ફરીથી ભરવાની રહેશે નહીં. જે ઉમેદવારોએ ઓનલાઈન ફોર્મ ભરેલ નથી તેવા ઉમેદવારોએ અરજી ફોર્મ સાથે રૂ.૨૦૦/- પ્રોસેસિંગ ફી તરીકે જેતે કોલેજ/વિભાગમાં જમા કરાવવાના રહેશે. વિદ્યાર્થી એક કરતા વધુ જગ્યાએ અરજી કરી શકશે.

૩. કોલેજોએ તારીખ ૧૬/૦૨/૨૦૨૧ સુધીમાં યુનીવર્સીટી ના અનુસ્નાતક પ્રવેશના મેરીટ ના નિયમો મુજબ આવેલ અરજીઓનું મેરીટ બનાવી, આખી મેરીટ યાદી તથા તે પૈકીના એડમીટેડ વિદ્યાર્થીઓની યાદી પોતાના નોટીસ બોર્ડ પર, પોતાની વેબસાઈટ પર અપલોડ કરવાની રહેશે તથા pg@vnsgu.ac.in પર ઈ-મેલ મારફતે યુનીવર્સીટી ને મોકલવાની રહેશે. તમામ કોલેજ/વિભાગો ની તમામ અભ્યાસક્રમોની મેરીટ યાદી યુનીવર્સીટીની વેબસાઈટ પર પણ મુકવામાં આવશે.

૪. તારીખ ૧૭/૨/૨૦૨૧ થી ૧૯/૨/૨૦૨૧ સુધીમાં કેલેજમાં ખાલી બેઠકો પર મેરીટ અનુસાર પ્રવેશ કાર્યવાહી પૂર્ણ કરી તેની જાણ pg@vnsgu.ac.in પર ઈ-મેલ મારફતે યુનીવર્સીટી ને કરવાની રહેશે તથા આવા ઓફલાઈન પ્રવેશ આપેલ વિદ્યાર્થીઓ ના રજીસ્ટ્રેશન ડાઈરેકટ એન્ટ્રી પદ્ધતિ થી ઈ.આર.પી. સિસ્ટમમાં જ કરવાનાં રહેશે.

૫. ઉપરોક્ત પ્રક્રિયા અંતિમ અને આખરી રહેશે તે પૂર્ણ થયા બાદ કોઈ પ્રવેશ ફાળવવામા આવશે નહીં.

ઈ.ચા.કુલસચિવ

ક્રમાંક:પી.જી./ઓફલાઈન પ્રવેશ/૨૩૬૬/૨૦૨૧ તારીખ: ૧૨/૨/૨૦૨૧

પ્રતિ,

૧. સંબંધિત વિદ્યાર્થીઓ તરફ જાણ તથા સમયમર્યાદામાં જરૂરી કાર્યવાહી કરવા અર્થે

૨. વિર નર્મદ દક્ષીણ ગુજરાત યુનીવર્સીટી સંલગ્ન અનુસ્નાતક કેન્દ્રો ધરાવતી કોલેજો ના આચાર્યશ્રીઓ, યુનીવર્સીટી પરિસર ખાતેના અનુસ્નાતક વિભાગોના વડાશ્રીઓ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.